# ઉત્તર ગુજરાતના ઐતિહાસિક પ્રવાસનસ્થળ તરીકે રુદ્રમહાલય : સિદ્ધપુર

DR. SUNITA M. PIYAJA
Senior Research Fellow-UGC,
Dept. of History, Saurashtra University, Rajkot
Gujarat (India)

## ૧. પ્રસ્તાવના

પ્રવાસનના વિકાસનો ઈતિહાસ એટલે મનુષ્યની ગતિશીલતાના વિકાસની કથા કહેવાય છે. પ્રાચીન ઈતિહાસના પ્રવાસીઓ ક્રિશ્ચિયન પેરીપ્લસ ઓફ હન્નો તેમજ રેશમ માર્ગના વેપારીઓનો પ્રાચીન પ્રવાસીઓ તરીકે ગણના થાય છે.ગુજરાત ઐતિહાસિક નગરોનું રાજ્ય છે. પ્રાચીન, મધ્યકાલીન કે અર્વાચીનયુગ સાથેનું આ નગરોનો ઈતિહાસ ગુજરાતના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પાસાને વ્યકત કરે છે. નગર એ સામાજિક સંગઠનની વિશિષ્ટ અભિવ્યક્તિ છે. નગર એ નાગરિકતાનું પ્રતિબિંબ છે. નગરોનો વિકાસ નાગરિકો ઉપર આધાર રાખે છે. પ્રાચીન મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં વિકસેલા અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા ગુજરાતના કેટલાંક ઐતિહાસિક નગરો અને ઐતિહાસિક પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓ માટે જોવા અને જાણવા જરૂરી છે. આ સંશોધનમાં ઉત્તર ગુજરાતના ઐતિહાસિક પ્રવાસન સ્થળોને અલગ વર્ગીકૃત કરવાનું કાર્ય મુશ્કેલ છે કારણ કે કેટલાંક ઐતિહાસિક સ્થાનો ધાર્મિક સ્થાનોમાં સમાઈ જાય છે. ઐતિહાસિક પ્રવાસન સ્થળો પ્રવાસીઓને તેની ભવ્યતા, કલાત્મકતા અને સાંસ્કૃતિક અભિગમથી પોતાની તરફ આકર્ષે છે. કલા અને સ્થાપત્ય એ પ્રજાના સાંસ્કૃતિક જીવનના મહત્ત્વના અંગ છે. સ્થાપત્ય અને શિલ્પકલાના પ્રાચીન ઉપલબ્ધ નમૂના ગુજરાતમાં લગભગ મૌર્યકાલ સુધીની પ્રાચીનતા ધરાવે છે. તત્કાલના અવશેષોમાં સ્તૂપો, ચૈત્યગૃહો અને વિહારોના અવશેષ દેખાદે છે. ગુપ્તકાળથી દેવાલયનું સ્વરૂપ ઘડાતું જાય છે. શિલ્પકૃતિઓમાં અનેક દેવદેવીઓની કલાત્મક મૂર્તિઓનું સર્જન થતું જાય છે પરંતુ નાગર શૈલીના શિખરનું પૂર્ણ સ્વરૂપ સોલંકીકાળમાં ઘડાયેલ છે. વળી, ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ અને સભામંડપ જેવા અનેક ખંડ ધરાવતા મોટા ભવ્ય દેવાલય જેવા કે સિદ્ધપુરનો રુદ્રમહાલ, મોઢેરાનું સૂર્યમંદિર વગેરે દેવાલયો સોલંકીકાલ દરમ્યાન બંધાયા. આ સમયે પ્રજામાં દેવાલયો બાંધવાની તથા એનો જીર્ણોદ્ધાર કરવાની ભાવના વિશેષ પ્રમાણમાં હતી. ગુજરાતના દરેક સોલંકી રાજવીએ એમના પછી સત્તા પર આવનાર વાઘેલા રાજવીઓએ દેવાલયો બંધાવવાની તેમજ એને નિભાવવાની પ્રવૃત્તિમાં મહત્ત્વનો ફાળો આપયો છે. સોલંકી રાજવી કુમારપાળે તેમજ વાઘેલા રાણા લવણપ્રસાદ અને વીરધવલના મંત્રીઓ વસ્તુપાલ અને તેજપાલે ગુજરાતમાં દેવાલયો બંધાવવાની પ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો છે.આ સમયે બંધાયેલા દેવાલયો, જળાશયો, દુર્ગો વગેરેના ઉલ્લેખ ઉપલબ્ધ નામપત્રો, અભિલેખો અને સમકાલીન સાહિત્યમાંથી મળી આવે છે. અભિલેખો અને સાહિત્યમાં ઉલ્લેખિત અનેક દેવાલયો પૈકી હાલ થોડાં જ દેવાલય મોજૂદ રહેલા છે. ગુજરાતમાં સ્થાપત્યના એવા કેટલાયે અવશેષ મળી આવે છે.

## ૨.પ્રવાસનની વ્યાખ્યાઓ

શ્રી નેગી પ્રવાસન પ્રવાસન આપતા જણાવે છે કે, પ્રવાસન એ બધાં જ લોકો અને બધી જ સરકારોની પ્રશંસા પામવાને તથા ઉત્તેજન આપવાને યોગ્ય પાયાની અને સૌથી વધુ ગમતી / ઈચ્છતી માનવીય પ્રવૃત્તિ છે. આ વ્યાખ્યામાં શ્રી નેગી પ્રવાસન એક માનવીય પ્રવૃત્તિ છે એ બાબત ઉપર ભાર મૂકે છે અને બધાં જ માનવીઓને ગમતી પ્રવૃત્તિ છે તેમ જણાવે છે.[૧]

સ્વીસ પ્રોફેસર હુંઝીકર અને ક્રાફટ દ્વારા પ્રવાસનની પારિભાષિક વ્યાખ્યા ૧૯૪૨માં આપવામાં આવી હતી જેને પ્રવાસનના વૈજ્ઞાનિક સંગઠન દ્વારા માન્યતા આપવામા આવી હતી. આ વ્યાખ્યા પ્રમાણે પ્રવાસન એટલે મુસાફરી તેમજ ઘર બહારના રોકાણોનો કાયમી નિવાસમાં ના બદલાય અને કમાણીની પ્રવૃત્તિ ન બની રહે તે રીતે તેમાંથી ઉદ્દભવતી એક ઘટના અને સંબંધોનો સરવાળો.[૨]

ડૉ. ઝિયાદ્દીન પ્રવાસનની વ્યાખ્યા આપતા જણાવે છે કે, 'પ્રવાસન એ સાંસ્કૃતિક જરૂરિયાતોનો સંતોષ, આરામ અને ગમ્મત / વિનોદના દષ્ટિબિંદુ સાથેની સામાજિક પ્રવૃત્તિ છે.[૩]

આ વ્યાખ્યા પ્રમાણે પ્રવાસન એક સામાજિક પ્રવૃત્તિ છે અને જેમાં સમાજના લોકો માટે નવરાશના સમયે આનંદ મેળવવાની પ્રવૃત્તિ છે. શ્રી ૧૯૩૭માં સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રવાસનની કરવામાં આવેલી વ્યાખ્યા અને ભલામણ પ્રમાણે, "પ્રવાસન એ એક એવી સામાજિક પ્રવૃત્તિને આવરી લે છે કે જેમાં કોઈ વ્યક્તિ પોતે સામાન્યપણે રહેતો હોય તે સિવાયના બીજા જ દેશની ૨૪ કલાક અથવા તેથી વધુ સમયગાળા માટેની મુસાફરી કરતો હોય.".[૪]

૧૯૭૬માં બ્રિટનના પ્રવાસન સમાજે (ટૂરિઝમ સોસાયટી ઓફ બ્રિટન) પ્રવાસનનો દષ્ટિકોણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે "પ્રવાસન એ એક હંગામી, ટૂંકી મુદતની લોકપ્રવૃત્તિ છે. જેમાં લોકો પ્રવાસન ધામોમાં કે જ્યાં સામાન્ય રીતે તેઓ રહેતા કે કામ કરતા હોતા નથી, ત્યાંની તેમના આ પ્રવાસધામમાં રોકાણ દરમ્યાનની એક પ્રવૃત્તિ છે. જેમાં એક દિવસની કે ટૂંકી મુદતની મુલાકાતનો પણ સમાવેશ થતો હોય છે.

**૩. રુદ્રમહાલય – સિદ્ધપુર**

ઐતિહાસિક સમયથી ગુજરાત ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ગુજરાતના વિવિધ ભાગોની જેમ ઉત્તર ગુજરાત પણ ઐતિહાસિક દષ્ટિએ મહત્ત્વના સ્થળોને કારણે પ્રસિદ્ધિ પામ્યું છે. આધુનિક સમયમાં પ્રવાસી માત્ર હરવા–ફરવા કે યાત્રાધામોની મુલાકાત માટે પ્રવાસ કરતો નથી પણ તેને જે તે સ્થળ વિશે નવું જાણવાની તેમજ તે સ્થળોની ઐતિહાસિકતા જાણવાનો તેનો એક હેતુ તેના પ્રવાસન પાછળ રહેલો હોય છે. ઉત્તર ગુજરાતમાં અનેક ઐતિહાસિક સ્થળો છે. જે ભારતીય સંસ્કૃતિના પ્રતિક રહ્યા છે. પ્રવાસીઓ આ પ્રકારના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ પોતાના જ્ઞાનમાં વધારો કરે છે તેમજ જે તે ઐતિહાસિક સ્થળની ઐતિહાસિકતા વિશે માહિતગાર થાય છ.સરસ્વતીના પશ્ચિમ કાંઠા ઉપર પુરાણોક્ત પવિત્ર મહાલયતીર્થ છે. આ જગ્યાએ રુદ્રમંદિર હતું. આ જગ્યાએ પાટણના રાજા મૂળરાજ દેવે સવંત ૧૦૫૦માં રુદ્ર મહાલયનું ભવ્ય મંદિર બાંધવાનું કામ શરૂ કર્યું હતું.[૫] સરસ્વતીના ઊંચા ટેકરા પર બેઠા–બેઠા મૂળરાજને પોતાના આરાધ્યદેવ રુદ્રનું ભવ્ય મહાલય બાંધાની યાદ આવી. તેને સરસ્વતી કાંઠાની આ જગ્યા પસંદ પડી. તેણે રાજ્યના સ્થપતિ અને શિલ્પીને બોલાવ્યા અને પોતાના મનમાં જાગેલ ભવ્ય રુદ્ર મહાલયની કલ્પના સમજાવી. મૂળરાજની કલ્પના પ્રમાણે મહાલય બાંધી શકાય કે નહિ તે બાબત રાજ્ય શિલ્પી અને સ્થાપિત વિચારમાં પડી ગયા. પણ મૂળરાજના આગ્રહને વશ થઈને તેની કલ્પના પ્રમાણેના રુદ્રમહાલયના બાંધકામના નકશા દોર્યા. દોઢસો ગજ લંબાઈ અને એકસો પાંત્રીસ ગજ પહોળાઈની જગ્યામાં રુદ્રના અગિયાર અવતારનાં અગિયાર મંદિરો અને વચમાં ભવ્ય મુખ્ય મંદિર, આગળના ભાગમાં નદી તરફના ભાગે ચાલીસ ફૂટ ઊંચાઈના ત્રણ તોરણો આટલી બધી વિશાળ શિલ્પસૃષ્ટિ કઈ રીતે ઊભી થશે તેના સ્વપ્ન સેવતા શિલ્પી અને સ્થપતિને ઉત્સાહ આપીને મૂળરાજે રુદ્રમહાલયના પાયા નંખાવ્યા. મૂળરાજની કલ્પનાના ત્રીજા ભાગમાં કામ માંડ પૂરું થયું. ત્યાર પછી મૂળરાજ પોતાની કલ્પનાની શિવસૃષ્ટિનું અધુરું સર્જન મૂકીને સ્વર્ગે સિધાવ્યો. આશરે ઈ.સ. ૯૮૩માં રુદ્રમહાલયનું બાંધકામ શરૂ થયું. મૂળરાજના મરણ પછી અધુરું રહેલું કામ ગુજરાતના પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહ વિ.સં. ૧૨૦૨ (ઈ.સ.૧૧૪૬)ના મહામહિનાની અંધારી ચોથના દિવસે પૂરું કર્યું.[૬]

રુદ્રમહાલયના સભાખંડો, ખંડો, ઉપખંડો, માળ–મેડીઓ અને ઝરુખા, અસંખ્ય સ્તંભોને મનોહર શિલ્પબદ્ધ તોરણો તથા તેની સમૃદ્ધિ ત્યાં હજારો બ્રાહ્મણોના સ્ત્રોતપાઠને પૂજા વગેરેના વર્ણનો વાંચતા લાગે છે કે આ બીજું સોમનાથ હતું. અલાઉદ્દીન ખીલજીએ તેનો ધ્વંશ કર્યા પછી રફતે રફતે તેનો નાશ થતો ગયો. આજે તે માત્ર ચારેક થાંભલાને ઉપર કમાન જેવું થોડુંક બચ્યું છે. પણ તે જોતાં પણ આ મહાલય કેવું ભવ્ય અને સુંદર હશે તેની કલ્પના કરી શકાય છે. આ બે કે ત્રણ માળખું ૧૬૦૦ થાંભલાઓનું ભવ્ય સભામંડપવાળું મહાલય જેના શિખરો પર સુંદર સુવર્ણકળશો પર ધજાઓ ફરકતી હતી.સંવત ૧૦૪૩ના રુદ્રમહાલય દેવનું પૂજન કરી, મૂળરાજે દાન આપ્યું હતું. તેનો ઉલ્લેખ તામ્રપત્રમાં મળ્યો છે. રુદ્રમહાલય ભવ્ય હતો. તે ૧૬૦૦ સ્તંભ ઉપર ઊભો હતો.

હીરામાણેક જડિત ૧૮૦૦૦ મૂર્તિઓ અત્રે આરૂઢ કરાઈ હતી. ૩૦,૦૦૦ સુવર્ણકળશ અને ૧૭૦૦ ધજાઓથી ઢદ્રમહાલય શોભતો હતો. ૫૬ લાખ ઘોડા અને હાથી ઝૂલતા હતા. સવા લાખ કોતરણીવાળી જાળીઓ મઢી હતી. અત્રે ૭૧૦૦ ધર્મશાળાઓ હતી, સિદ્ધરાજે ૧૪ કરોડ સોનામહોર ખર્ચી આ ભવ્ય સ્મારક બનાવ્યું હતું. હીરા–માણેક રત્નોથી જડિત ઢદ્રમહાલય સૂર્યપ્રકાશથી ઝળહળી ઊઠતો હતો. ૯૦ મીટર લાંબા અને ૭૦ મીટર પહોળા પ્રાંગણની વચ્ચે ત્રણ માળખું શિવમંદિર હતું. તેને ૧૫ ચોરસ મીટરનો સભામંડપ હતો અને ચારે દિશામાં ભવ્ય દ્વાર હતાં. મુખ્ય મંદિરની સમીપમાં ૧૧ નાનાં મંદિરો હતા. ચોકમાં ચારે બાજુ ઓરડીઓ અને પૂર્વ દિશાના દ્વારથી સરસ્વતી નદીના પાણી સુધી બાંધેલો ઘાટ હતો. તે કાળનું મહાસ્થાપત્ય આજે તો ઉત્તર તરફના દ્વારના સ્તંભ, પૂર્વ તરફની ઉપરથી પાંચ સ્તંભ, સુંદર કીર્તિસ્તંભ, તોરણ પાછળના ગર્ભગૃહ જેવા અવશેષો બાકી ઊભા છે.

### *૩.૧ પૂર્ણ સ્વરૂપ*

મુખ્ય મંદિર પૂર્વાભિમુખ હતું ને એના આસપાસ ૧૧ ઢદ્રોની દેવકુલિકાઓ હતી. મંદિર બે–ત્રણ મજલાનું હોઈ ઘણું ઊંચું હતું. એનું ઉત્તુંગ શિખર ૪૬ મીટર (૧૫૦ ફુટ) જેટલું ઊંચું હોવાનું જણાય છે. ઢદ્રમાળનું ગર્ભગૃહ સોમનાથ મંદિરના ગર્ભગૃહ કરતાંય કંઈક મોટું હતું. સોમનાથ મંદિરમાં ગૂઢગૃહ કરતાં મોટો હતો. જ્યારે ઢદ્રમાળમાં ગર્ભગૃહ અને ગૂઢમંડપ સરખા માપના હતા. આ મહામંદિરની પીઠને ગજથર, અશ્વથર અને નરથરથી અલંકૃત કરેલ હતું. ગૂઢમંડપની ત્રણ બાજુએ ચોકી હતી. જેમાંની પૂર્વ તથા ઉત્તરની ચોકીના ભાગ મોજૂદ રહ્યા છે. અન્તારાલના ચાર સ્તંભ પણ ખડા છે. આ સ્તંભ પાંચ મીટર વધુ ઊંચા છે. સિદ્ધરાજે આ મહામંદિર માળવાના મહામંદિરોની સ્પર્ધામાં બાંધ્યું લાગે છે. આથી એના સ્તંભોમાં માળવાના સ્થાપત્યની કેટલીક અસર નજરે પડે છે. મોખરાની ચોકીની ઉત્તરે આવેલું કીર્તિતોરણ બે મોટા સ્તંભ પર ટકવેલું છે. નીચલા સ્તંભોની ટોંચે ગજમુખમાંથી અંદરની કમાન કાઢેલી હતી જે હાલ મોજૂદ રહી નથી. ઉપલા સ્તંભોની ટોચ પર ગોઠવેલા સુશોભિત પાટડા ઉપર મકરમુખમાંથી નીકળતી સુંદર કમાન છે એની અંદરની ઢદ્રાદિ દેવોની પ્રતિમાઓ હાલ ત્યાં રહી નથી.

આ ઢદ્રમહાલયની મુખ્ય મંદિરોની ચારેબાજુ અગિયાર ઢદ્રના મંદિરો હતા. તે મુખ્યત્વે મુખ્ય મંદિરની પાછળના ભાગમાં હતા અને તે મુખ્ય મંદિરના દક્ષિણ દ્વાર તરફથી તે મુખ્ય મંદિરના પાછલા ભાગના આકાર મુજબ ગોઠવેલા હતા. તે મુખ્ય મંદિરના ઉત્તરાર્ધ દ્વારમંડપ સુધી આવી જતાં ન માનવા કારણ કે આ મંદિર નાના હતા. તે દરેક મંદિરને મંડપો હતા. તે તમામ મંદિરો પૂર્વાભિમુખ હતા. તે પૈકી ચાર મગ્નાવસ્થામાં હાલ મોજુદ છે. તે ઢદ્રમંદિરો અનુક્રમે દક્ષિણદ્વાર મંડપથી (૧) અજૈકવાદ (૨) બહિવ્રદન (૩) હર (૪) નિત્રૃત (૫) ઈશ્વર (૬) ભુવન (૭) અંગારક (૮) અર્ધકેતુ (૯) મૃત્યુ (૧૦) સર્પ (૧૧) કાયાન્તિ. એમ અગિયાર ઢદ્રોના મંદિરો હોવાનું જાણવા મળે છે. આ મંદિરો પણ અંદરથી તેમજ બહારથી કોતરણીવાળા હતા. એક કીર્તિસ્તંભ મુખ્ય મંદિરની પૂર્વાર્ધ દ્વાર માળથી આગળ પૂર્વના ૪૫ ફૂટ દૂર નદી કિનારે એક ઉત્તર તરફ પૂર્વાર્ધ દ્વારમાંથી ઉત્તરમાં ૫૦ ફૂટ દૂર તથા એક દક્ષિણ તરફ પૂર્વાર્ધ દ્વારમાંથી દક્ષિણ તરફ એક એમ ત્રણ કીર્તિસ્તંભો હતા.

ઢદ્રમહાલયની આજુબાજુ ઉપરોકત મંદિર સિવાય બીજા ૧૨૧ નાના મંદિરો એકબીજાની આજુબાજુમાં હતાં. જે કોટની ગરજ સારતા હતા. આ ઢદ્રમહાલયની જગ્યામાં નદીના ઘાટ ઉપરથી પ્રવેશ કરવાના બે માર્ગ હતા. તે પ્રવેશદ્વારથી સીધા ઢદ્રમહાલયના સ્થાનમાં આવી શકાતું હતું. ઢદ્રમહાલય એક સુંદર શિલ્પકલાનો નમૂનો હતો. તે અંદર તેમજ બહાર નખશીખ કોતરણીવાળો હતો. તેમાં રામાયણ, મહાભારત અને પુરાણોના અનેક શિલ્પો કોતરવામાં આવ્યા હતાં. યુદ્ધના પ્રસંગો, નૃત્યના નમૂનાઓ અને ઋષિઓના નિત્યકર્મના ચિત્રો પણ સુંદર રીતે કોતરવામાં આવેલ હતાં.

### *૩.૨ ભગ્નાવસ્થામાં ઢદ્રામહાલય*

સિદ્ધપુરમાં આવેલ ઢદ્રમહાલય હાલ તો અવશેષરૂપ ઊભો છે. હાલ એ મૂળ પ્રસાદના અવશેષ તરીકે ગૂઢ મંડપના પશ્ચિમ તરફના ચાર સ્તંભ અને ઉત્તર બાજુની ચોકીના ચાર સ્તંભ જળવાયા છે.ચાર દેવકુલિકાઓનું જુમા

મસ્જિદમાં રૂપાંતર થઈ ગયેલું છે. પશ્ચિમ તરફના ગૂઢમંડપના હાલ જળવાઈ રહેલા ચારે સ્તંભોનું રૂપવિધાન પ્રસંશનીય છે. સ્તંભની કુંભીનો નીચલો ભાગ દટાઈ ગયેલો છે. દરેક બાજુએ ગવાક્ષમંડિત દેવદેવીઓના ઊભા શિલ્પ છે. મંદિરની પૂર્વ બાજુની શૃંગારચોકી બહુ જ ખંડિત હાલતમાં છે. પરંતુ, ઉત્તર તરફની શૃંગારચોકી એના બેવડા મજલા સાથે ઠીક ઠીક હાલતમાં જળવાઈ રહી છે. પરિણામે, શિલ્પવૈભવનો ઘણો સારો ખ્યાલ આવે છે. એમાં કુંભીના ભાગમાં સૌથી નીચે ગજથર ઘસાઈ ગયેલો છે. શિલ્પમંડિત પટ્ટી બહુ જ ખવાઈ ગઈ છે. સૌથી ઉપર સાદા થરની બંને બાજુએ હીરગ્રહણની રચના છે. શિલ્પખંડની એક શિલ્પપટ્ટિકામાં એકબાજુએ ગાનવાદન નૃત્યરત લોકવૃંદ પાલખીમાં કોઈક અધિકારીને લઈને જતું દર્શાવ્યું છે. બીજી બાજુએ દ્વંદ્વયુદ્ધનું દશ્ય અને નૃત્યાંગનાઓની વિવિધ મુદ્રાઓ અલિખિત કરી છે. બીજી પટ્ટિકામાં ભદ્રપીઠ પર સૂંઢમાં સૂંઢ ભરાવીને બે મદમસ્ત હાથી સાઠમારી કરતા દર્શાવ્યા છે. એની એકબાજુએ સિંહ સાથે યુદ્ધ કરતા પુરુષની આકૃતિ છે. ચોથી પટ્ટિકામાં કન્યાનું અપહરણ અને યુદ્ધનું દશ્ય અંકિત થયું છે.મંદિરની પાછલા ભાગની દેવકુલિકાઓનું પરિવર્તન મસ્જિદમાં થયું છે. પણ એમાં રુદ્રમાળની ઘણી શિલ્પસમૃદ્ધિ જળવાઈ છે. એમાં ભદ્રક અને મિશ્રઘાટની ઘટ્ટપલ્લવાદિ, શિલ્પદ્વારિકાઓ તથા ગવાક્ષોના સુશોભનોથીયુકત પૂરા તેમજ વાદન કદમાં સ્તંભો તથા મંડપ તથા શૃંગારચોકી પરના શિલ્પમંડિત કરોટકના ખંડો વગેરે નજરે પડે છે. મંદિરની ઉત્તર જળવાઈ રહેલ કીર્તિતોરણ કંડારકામની દષ્ટિએ ઘણું સુંદર છે.[૭]

### *૩.૩ દંતકથા*

રુદ્રમહાલયના નિર્માણ માટે માળવાથી મહાન જ્યોતિષાચાર્ય માર્કંડ શાસ્ત્રીને આમંત્રવામાં આવ્યા. ખાદમૂહૂર્તની વિધિ શરૂ થઈ. મૂહૂર્ત વખતે આચાર્યો ખીલ મરાવીને કહ્યું કે ખીલી શેષનાગના માથા પર વાગી છે. એટલે આ રુદ્રમહાલ પૃથ્વીના અંત સુધી રહેશે. આ સાંભળી રાજાને સંદેહ થયો, કે બ્રાહ્મણ મને ખુશ કરવા આમ કહે છે. રાજાએ ખીલી બહાર કાઢી ખાતરી કરાવવા કહ્યું. બ્રાહ્મણે ના પાડી. પરંતુ રાજાએ ખૂબ હઠ કરી એટલે ખીલી બહાર ખેંચાવીને જ લોહીનાં છાંટા રાજાના કપડાં પર ઉડયા. રાજાને ખાતરી થઈ ગઈ. પછી તરત ખીલી મારવા માટે આદેશ કર્યો. ખીલી ખોડાઈ.



**રુદ્રમહાલય – સિદ્ધપુર**

પરંતુ બ્રાહ્મણે કહ્યું કે મહારાજ, એ પણ ગઈ, હવે ખીલી નાગરાજના પૂંછડે વાગી એટલે આ રુદ્રમાળ પૂર્ણ થશે પણ કાળે કરીને તેનો વિનાશ થશે. આ કથા હશે તો માત્ર દંતકથા પણ ક્યારેક હકીકતના ઈતિહાસ કરતાં દંતકથાઓમાં પ્રજાના સંવેદનો–દર્શનો વધુ સાકાર થતાં લાગે છે. એલેકઝાન્ડર કીન્લોક ફોર્બસે ૧૮૫૫માં રુદ્રમાળની મુલાકાત લીધી હતી. તેમણે લખ્યું હતું કે રુદ્રમહાલય વિશાળ ભવય ઈમારત હતી. રુદ્રમહાલયને કીર્તિસ્તંભો હતા. બર્ગના મત મુજબ રુદ્રમહાલય ૩૦૦ ફૂટ લાંબા, ૨૩૦ ફૂટ પહોળા સ્તંભો પર શોભતું મહાલય હતું. જેને ફરતે ૧૧ લઘુ રુદ્રમહાલયો હતા. આમ, સોલંકીયુગનું આ મહાન સંભારણું વિરલ સ્થાપત્ય, સરસ્વતી નદીના કાંઠે, ભવ્ય ભૂતકાળની વાર્તા માંડતું તેની ભગ્નાવસ્થામાં કાળની થપાટો જીરવી રહ્યું છે.



ઢદ્રમહાલય – સિદ્ધપુર

આમ, ઉત્તર ગુજરાતના પ્રવાસન સ્થળ **તરીકે ઢદ્રમહાલય – સિદ્ધપુર**ના આ અભ્યાસમાં પાટણ જિલ્લામાં આવેલ સિદ્ધપુરના પ્રાચીન સમયના ઢદ્રમહાલયનો અભ્યાસ ઐતિહાસિક દષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો છે. સમાજના લોકો આ ઢદ્રમહાલયનો ઐતિહાસિક વિરાસતથી જાણકાર થાય તેમજ આવા પ્રવાસન સ્થળના જતન માટે અને પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે આ સંશોધન પેપરમાં ઢદ્રમહાલયનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવાનો પ્રયાસ કરેલ છે.

## References

1. Negi J.M.S. Seth, Successful Tourism Management, Sterling Publishers Pvt. Ltd., 1985, page No.22.
2. Negi, J.M.S. Seth, (1988). Successful Tourism Management, Sterling Publishers Pvt. Ltd., page No.1.
3. Prannath Seth, (1985). Successful Management, Sterling Publishers Pvt. Ltd.
4. પઢિયાર, એમ.એલ. (૧૯૭૮) પ્રવાસન, ઉદ્યોગ, ઈન્દિરા ગાંધી મૂકત વિશ્વવિદ્યાલય, ૧૯૯૫, પૃ. નં.૧૧–૧૨.
5. પરીખ, રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી, (૨૦૦૫). ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ–૪, સોલંકી કાળ, (મો.જ. વિદ્યાભવન, અમદાવાદ.
6. ઠાકર, પ્રેમશંકર દા. (૨૦૦૫)."ઢદ્રમહાલય", પ્ર. કમલા ટ્રે.સં. સિદ્ધપુર (નિશાળ ચકલા), પૃ.૩૮. "માતૃગયા તીર્થ સિદ્ધપુર", પૃ.૫૬.